દુનિયામાં ઘણા પ્રકારની મીઠાસ છે પણ છાનાં દર્દ જેવી એકેય નહીં
- ધૂમકેતુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૬૦ | ૨૦ ઓગષ્ટ ૨૦૧૨, સોમવાર, અધિક ભાદરવા સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં ચાર માસમાં ૧૧૨ કરોડનું ઈન્વેસ્ટમેન્ટ

## વૈશ્વિક મંદીના સમયમાં પણ માઈક્રો અને લધુ ઉદ્યોગોના વિકાસની રફતાર જારી : રાજ્યભરમાં ૫૨૭૧ કરોડનું ઔદ્યોગિક મૂડીરોકાણ

**(વિશેષ પ્રતિનિધિ)**

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ચાર મહિનામાં ૧૧૨.૧૪ કરોડનું મૂડીરોકાણ થયું છે. નાના-મોટા મળીને કુલ ૯૨ એકમો ઉદ્યોગ વિભાગમાં નોંધવામાં આવ્યા છે. વૈશ્વિક મંદીના સમયમાં માત્ર ગાંધીનગર જ નહીં, રાજ્યના અન્ય જિલ્લાઓમાં મૂડીરોકાણ થયું છે.

ઉદ્યોગ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે રાજ્યમાં ૧લી એપ્રિલ થી ૩૧મી જુલાઈ સુધીમાં કુલ ૫૨૭૧.૮૮ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ થયું છે અને ૨૦૯૫૧ નવા એકમો સ્થપાયા છે. આટલા વિશાળ મૂડીરોકાણે છેલ્લા ત્રણ મહિનામાં રાજ્યભરમાં ૧.૧૫ લાખ યુવાનોને રોજગારી આપી છે.

રાજ્યના તમામ જિલ્લાઓપૈકી અમદાવાદ એકમાત્ર એવો જિલ્લો છે કેજ્યાં સૌથી વધુ ૨૧૭૫.૭૯ કરોડનું મૂડીરોકાણ થયું છે. ૧૨૨૯.૬૪ કરોડના મૂડીરોકાણ સાથે બીજાક્રમે સુરત જિલ્લો આવ્યો છે. ડાંગ માત્ર એવો જિલ્લો છે કેજ્યાં શૂન્ય મૂડીરોકાણ છે.

ઈન્ડસ્ટ્રીઝ કમિશનરેટના આંકડા પ્રમાણે ગાંધીનગરમાં આ ચાર મહિનામાં ૪૩.૪૬ કરોડના ૬૩ માઈક્રો, ૬૧.૪૩ કરોડના ૨૮ નાના અને ૭.૨૫ કરોડનો એક મધ્યમ ઉદ્યોગ સ્થાપવામાં આવ્યો છે.

અમદાવાદમાં ૧૫૨૫.૩૩ કરોડના ૫૩૦૧ માઈક્રો, ૫૭૯.૩૩ કરોડના ૨૪૭ નાના અને ૭૧.૧૨ કરોડના સાત મધ્યમ ઉદ્યોગો સ્થપાયા છે.

કચ્છ જિલ્લામાં આ સમયગાળામાં ૫૧ ઉદ્યોગો સ્થપાયા છે અને તેમાં ૧૦૨.૭૬ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ થયું છે અને ૯૧૪ લોકોને રોજગારી મળી છે.

રોજગારી આપવામાં અમદાવાદ જિલ્લો અવ્વલ નંબરે છે. આ જિલ્લામાં ચાર મહિનામાં ૩૦ હજારને રોજગારી આપવામાં આવી છે. જો કે સુરતમાં ૫૪૦૦૦ને રોજગારી મળી છે. નવા ઉદ્યોગોના કારણે ગાંધીનગર જિલ્લામાં ૯૮૧ લોકોને રોજગારી મળી છે.



પ્રભાતનું પહેલું કિરણ... જીવનની ઘટમાળમાં સૂર્યોદયનો મહિમા મોટો છે. પ્રત્યેક પ્રભાત નવી આશા અને અરમાનો લઈને આવે છે... સાંજે નિરાશ-હતાશ, થાકેલ માનવી સવારના સૂર્યોદયની સ્ફૂર્તિ મેળવી પુનઃ કાર્યરત બને છે. દોડે છે... લક્ષ્ય અને લક્ષ્યાંકો સુધી પહોંચવા મથામણ કરે છે... આ સૂર્યના તેજની તાકાત... અજવાશની અનુભૂતિ અને ગતિ માટેની ઊર્જા.... સૂર્ય એટલે ઊર્જાનું પ્રતિક એટલા માટે જ પ્રત્યેક પ્રભાતે આપણે પ્રાર્થીએ છીએ હે, પરમતત્વ અમને ઊર્જા અને અજવાશ બંને સૂર્યના માધ્યમથી આપ.... **(તસવીર : જયેશ પંચોલી)**

## આજથી કોંગ્રેસ દ્વારા ઘરના ઘરની યોજનાના ફોર્મના વિતરણનો પ્રારંભ

**સે. ૧૧ સુમન ટાવર પાસે, પેથાપુર બસ સ્ટેન્ડ પાસે તથા કલોલ-દહેગામ અને માણસામાં કાર્યક્રમ**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર અને જિલ્લાના ચાર શહેરી વિસ્તારોમાં કોંગ્રેસ દ્વારા જાહેર કરાયેલ ઘરના ઘરની યોજનાના ફોર્મના વિતરણનો આજથી પ્રારંભ થશે.

ત્રણ દિવસ સુધી ચાલનારા આ ફોર્મ વિતરણ અંગે જિલ્લા સમિતિ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. જિલ્લાના ચાર શહેરી વિસ્તારો તેમજ

● અનુસંધાન પાન-૭ પર

તા. ૨૧/૮ થી શરૂ થતી કર્મચારીઓ, વહેપારીઓ માટેની બેચ (રાત્રે ૮ થી ૯-૩૦)માં જોડાઈ

વેકેશનમાં કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.

નાણાવટી

H.O. : હોટેલ 'સ્ટે-ઇન'ની બાજુમાં, ઘ-૫ નજીક, સેક્ટર-૧૬.
ઓફિસ સમય : સવારે ૮થી ૧ સાંજે ૪થી ૮ (રવિવારે સવારે ૮ થી ૧)
Branch : ગ-૨ સર્કલ, (શાખાના એડમિશન માટે નાણાવટી સ્કૂલ, ગાર્ડન સામે, સે.૬ ખાતે સવારે ૮ થી ૧માં મળી શકાશે.
સેલફોન નં. : ૯૩૭૫૧ ૬૦૮૪૮

GREEN LEAF
FINE DINE RESTAURANT & CAFE

પર્વો-પ્રસંગોએ વિશિષ્ટ સ્વાદ માણો

ઈન્ફોસીટીમાં શ્રેષ્ઠ પંજાબી ફુડનો આસ્વાદ માણો

ચાઈનીઝી, કોન્ટિનેન્ટલ ફુડ, પીઝા, સીઝલર અને ઘણું બધું

શુદ્ધ શાકાહારી રેસ્ટોરન્ટ

સવારે ૧૧-૦૦ થી બપોરે ૩-૦૦ સુધી ● સાંજે ૬-૩૦ થી રાત્રે ૧૧ સુધી

ગ્રીનલીફ રેસ્ટોરન્ટ એન્ડ કાફે
સુપર મોલ-૨, પહેલો માળ, રીબોક શો-રૂમની ઉપર, ઘ-૦ પાસે, ઈન્ફોસીટી, ગાંધીનગર
www.greenleafrestaurant.in
ફોન : ૯૨૨૮૦૦૧૮૯૬, ૯૫૫૮૨૮૦૫૭

પાર્ટી માટે જગ્યા ઉપલબ્ધ છે : બુકીંગ કરાવો

ગાંધીનગરનું શ્રેષ્ઠ ભોજન

